# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૧૫/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘કોલાબોરેટ ટુ કો–ક્રિએટ ધી ફયુચર’ વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ટાઇ– સુરતના સંયુકત ઉપક્રમે આજે બપોરે ૩:૦૦ કલાકે ‘કોલાબોરેટ ટુ કો–ક્રિએટ ધી ફયુચર’ વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર) થકી ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ૧૦૦ ઓપન સ્ટાર્ટઅપ્સના કો–ફાઉન્ડર શ્રી વરદ રાજન ક્રિષ્ણાએ ઉદ્યોગ સાહસિકો દ્વારા શરૂ કરવામાં આવતું સ્ટાર્ટઅપ્સ હોય કે પછી ટ્રેડીશનલ ઇન્ડસ્ટ્રી હોય એને ટીમ વર્ક તેમજ અન્ય લોકોના સહકારથી જ સફળતાના શિખર સુધી પહોંચાડી શકાય છે તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરની સ્ટાર્ટઅપ કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ આ વેબીનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

શ્રી વરદ ક્રિષ્ણાએ સૌપ્રથમ સાયન્સ એન્ડ ટેકનોલોજી બેઇઝ્‌ડ અ કલોઝ્‌ડ ઇનોવેશન સિસ્ટમ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, ઈન્ટરનેશનલ ટેકનોલોજી માર્કેટ તેમજ આઉટ સાઇડર્સનો અભ્યાસ કરી ઉદ્યોગ સાહસિકો આઇડીયા શોધી કાઢતા હોય છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાંથી આવેલા આઇડીયાને આધારે ઉદ્યોગ સાહસિકો કયારેક સ્ટાર્ટઅપ્સની શરૂઆત કરે છે તો કયારેક લાર્જ કંપની ઓપન કરે છે. એના માટે ઘણી બાબતો વિચારવામાં આવે છે. લાર્જ માર્કેટ, બિઝનેસ પ્લાન, રેઇઝ મની અને બિલ્ડ એન્ડ ગ્રો ધી વેન્ચુર વિશે વિચારીને આગળ વધવાનું હોય છે.

તેમણે જણાવ્યુ હતુ કે, સ્ટાર્ટઅપ્સમાં બધા કરતા અલગ કરવાની જરૂર હોય છે. શરૂઆતમાં વધારે ખર્ચ કરવા માટેની તેમની ક્ષમતા હોતી નથી. એચઆર મેનેજર્સ માટે હાયર સેલેરી ચૂકવવા માટે એટલા રૂપિયા હોતા નથી. કારણ કે ઓછા બજેટમાં એને બિઝનેસને ગ્રો કરવાનો હોય છે. પરંતુ ડિફીકલ્ટ સમયમાં કોલાબ્રેટ કરવું બહુ જરૂરી હોય છે. એના માટે ઇકો સિસ્ટમ ઉભી કરવી પડે છે, અફોર્ડેબલ કોસ્ટ માટે પ્લાનીંગ કરવી પડે છે અને એના માટેનું માર્કેટ શોધવાનુ હોય છે. મોટી કંપનીઓ તથા એમએસએમઇ કંપનીઓ પાસે પણ સારી કવોલિટીની ટીમ હોતી નથી છતાં તેઓને એવા લોકો સાથે કોલાબ્રેટ કરવું પડે છે કે જેઓ કંપનીનું સારું ભવિષ્ય બનાવી શકે.

શ્રી ક્રિષ્ણાએ ઉદ્યોગ સાહસિકો દ્વારા શરૂ કરવામાં આવતુ સ્ટાર્ટઅપ્સ અને ઇન્ડસ્ટ્રી બંનેને સાંકળીને ડાયનેમિક્સ ઓફ ધ ઇફેકચ્યુઅલ નેટવર્ક વિશે સમજણ આપી હતી. એના માટે તેમણે કેમિકલ ઇન્ડસ્ટ્રી અને ટોય બનાવતી કંપનીઓનો દાખલો આપીને સ્ટાર્ટઅપ્સ એકબીજા વચ્ચે કઈ રીતે કોલાબ્રેટ કરે છે તે અંગે માહિતી આપી હતી. ટીમ વર્કથી તેમજ અન્ય લોકોના સહકારથી જ ગોલ અચીવ કરી શકાય છે અને એમાં એક વ્યક્તિ કશું જ નહીં કરી શકે તેની સ્પષ્ટપણે સમજણ આપી હતી.

ટાઇ– સુરતના શ્રી કશ્યપ પંડયાએ વેબીનારનું કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ. જેમાં દેશભરમાંથી ૨૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને તેઓનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.